# પોલીસ પ્રજાની મદદ કરે છે પણ પોલીસની મદદ કોણ કરશે...?

### મોડાસા મહિલા પોલીસ સ્ટેશન પાણીમાં ગરકાવ



મોડાસા, તા. ૨૬

અરવલ્લી જીલ્લાનું એકમાત્ર મહિલા પોલીસ સ્ટેશનની આજુબાજુ વરસાદી પાણી ભરાઈ રહેતા મહિલા પોલીસ અધિકારી સહીત કર્મચારીઓ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે પોલીસ સ્ટેશને આવનારી મહિલા અરજદારો પણ પાણી માંથી પસાર થવું પડતું હોવાથી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે

મહિલા પોલીસસ્ટેશનની આજુબાજુ સતત પાણી ભરાઈ રહેતા હોવાથી મચ્છરજન્ય રોગચાળામાં પણ મહિલા પોલીસ સ્ટેશનના કર્મચારીઓ ડેન્ગ્યુ,મેલેરિયા જેવી મહામારી બીમારીમાં સપડાવાનો ભય પણ મંડરાઈ રહ્યો છે

અરવલ્લી જીલ્લા સહિત ઉત્તર ગુજરાતના મોટા ભાગના વિસ્તારોમાં મોડી રાત્રે મેઘરાજા વરસ્યા હતાં જેને કારણે કેટલીક જગ્યાએ પાણી ભરાવાના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. મોડાસા શહેરમાં મોડી રાત્રે મેઘરાજાએ જમાવટ કરતાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો. મોડાસા શહેરમાં એક ઈંચ વરસાદમાં ઠેર ઠેર પાણી ભરાવાને કારણે પ્રજા તો ઠીક પોલિસ પણ પરેશાન થઈ રહી છે. તંત્રની ઢીલી કામગીરી અને નામ પુરતી પ્રિમોન્સુન કામગીરીને કારણે મોડાસાનું મહિલા પોલિસ સ્ટેશન બાકાત રહ્યું નથી. મહિલા પોલિસ સ્ટેશન નજીક તાલુકા હેલ્થ ઓફિસની પણ કચેરી આવી રહી છે જ્યાં મોટી સંખ્યામાં અરજદારો તેમજ કર્મચારીઓની અવર-જવર રહે છે જેથી તમામ લોકોએ હાલાકીઓનો સામનો કરવો પડી રહ્યા છે. તંત્રની નબળી કામગીરીથી તંત્ર પરથી હવે પ્રજા વિશ્વાસ પણ ઉઠી રહ્યો છે. સવાલ એ નથી કે પાણી કેમ ભરાયા છે, પણ સવાલ એ છે કે, પ્રિમોન્સુન કામગીરી થઈ છે તો થોડા વરસાદમાં પણ પાણી કેમ ભરાઈ જાય છે?

# પ્રાંતિજના પલ્લાચરમાં ડેંગ્યુના પાંચ કેસ નોંધાયા

### આરોગ્ય વિભાગ દોડતુ થયું : ગામમાં દવાનો છટાવ સહિત ની કાર્યવાહી હાથધરવામા આવી : ગામજનોનો આક્ષેપ કે પીવાની પાણી લાઇન માં પંચર પડતાં દુષિત પાણી મીક્સ થતાં રોગ ચાળો વકર્યો છે





પ્રાંતિજ તા.૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના પલ્લાચર ગામમાં પાંચ ડેંગ્યુ ના કેસો પોઝિટીવ મળી આવતા ગ્રામજનો માં ભયં નો માહોલ જોવા મળી રહ્યો છે તો આરોગ્ય વિભાગ ની ટીમો દોડતી થઈ છે તો દવા નો છટાવ કરવામાં આવી રહ્યો છે .

પ્રાંતિજ ના પલ્લાચર ખાતે છેલ્લા એક અઠવાડિયા થી એક પછી એક ડેંગ્યુ ના પોઝિટીવ કેસો મળી આવતા ગામમાં ભયં નો માહોલ જોવા મળી રહ્યો છે તો ગામજનો દ્વારા ગામમાં ગંદકી અને પીવાના પાણીની લાઈન માં પંચર પડી જતાં દુષિત પાણી મીક્સ થતું હોવાથી ગામમાં રોગચાળો વકર્યો હોવાનું ગ્રામજનો જણાવી રહ્યાં છે તો બીજી બાજુ એક પછી એક ડેંગ્યુ ના પોઝીટીવ કેસો મળી આવતાગ્રામજનો માં ભય નો માહોલ જોવા મલ્યો છે તો ગામમાં આરોગ્ય વિભાગ ની ટીમો દોડતી થઈ છે અને ધરે ધરે દવાનો છટાવ તથા તપાસ કરવામાં આવી રહી છે ત્યારે હાલતો (૧) પટેલ દિક્ષિત કુમાર શંકરભાઈ ઉ વર્ષ-૩૨ (૨) યોગી નરેન્દ્રભાઈ પટેલ ઉ.વર્ષ-૯ (૩) રાઠોડ ચકુસિંહ કેસરીસિંહ ઉવર્ષ-૨૮ (૪) સુથાર ઓમ બકુલભાઈ ઉ.વર્ષ-૧૩ (૫) સુથાર મયુરભાઈ નવનીત ભાઈ ઉ.વર્ષ-૨૦ આમ એક પછી એક એમ પાંચ કેસો ડેંગ્યુ ના પોઝિટીવ મળી આવતા ગામમાં ભયનો માહોલ જોવાં મળી રહ્યો છે અને આ આરોગ્ય તંત્ર પણ દોડતુ થયું છે.

# શામળાજી પાસે મેરાવાડા ગામે પાણીમાં થઈને સ્મશાન યાત્રાનો વિડિઓ વાયરલ



મોડાસા, તા.૨૭

ગુજરાત સરકારના વિકાસના પોકળ દાવાઓ વચ્ચે અરવલ્લી જીલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં દયનિય સ્થિતિ જોવા મળી રહી છે શામળાજી નજીક આવેલા મેરાવાડા ગામમાં પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાથી સિમાડે ભરાયેલ પાણીને કારણે ડાઘુઓ પાણીમાંથી પસાર થવા મજબૂર બન્યાનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાઈરલ થયો હતો

અરવલ્લી જિલ્લામાં ચાલુ વર્ષે થયેલ ભારે વરસાદને કારણે નદી, નાળા તેમજ તળાવો છલકાઈ ગયા છે. સાથે જિલ્લાના ડેમો પણ પાણીથી છલોછલ થઈ ગયા છે. સાથે જિલ્લામાં પડેલ વરસાદને કારણે ગામડાઓમાં પણ ઠેર ઠેર નિચાણવાળા વિસ્તારો પાણીથી તરબોળ થઈ ગયા છે ત્યારે કેટલાક ગામડાઓમાં રસ્તાઓ પણ પાણીમાં ગરકાવ થયા હોવાથી લોકોને અવરજવરમાં ભારે મુશ્કેલીઓ સર્જાઈ રહી છે. ત્યારે શામળાજીના મેરાવાડા ગામે મુખ્ય રસ્તો પાણીમાં ગરકાવ હોવાને કારણે રહીશો ભારે હાલાકી વેઠી રહ્યા છે. અતિશયઉક્તિ તો ત્યારે થઈ જ્યારે ડાઘુઓને ઘુંટણસમા પાણીમાં થઈને શબને જળમાર્ગે અંતિમયાત્રા કરાવવાની ફરજ પડી હતી.

એક તરફ સરકાર વિકાસની ગુલબાંગો પોકારી રહી છે અને બીજી બાજુ અંતરિયાળ વિસ્તારોમાં આઝાદી સમયે જે સ્થિતિ હતી તે જ સ્થિતિ યથાવત હોય તેવું લાગી રહ્યું છે.

ગુજરાત સરકાર છડેચોક વિકાસના પોકળ દાવાઓ કરી રહી છે. શહેરીકરણને જોઈને ગુજરાત નંબર વન હોવાની ગુલબાંગો પોકારતી સરકારની નજરો અંતરિયાળ ગામડાઓ સુધી પહોંચતી નથી. અરવલ્લી જિલ્લાના કેટલાય અંતરિયાળ ગામડાઓ તો હજુ પ્રાથમિક સુવિધાઓથી પણ વંચિત છે. જિલ્લામાં જો ભારે વરસાદ થઈ જાય તો ઠેર ઠેર પાણી ભરાઈ જવાની સ્થિતિ પેદા થાય છે. આવા ગામડાઓ તરફ તંત્રનું ધ્યાન પણ જતું નથી અને સમસ્યાઓ જેમની તેમ જ રહે છે. શામળાજીનું આવું જ એક અંતરિયાળ ગામ છે મેરાવાડા આ ગામમાં જો વરસાદી પાણી ભરાઈ જાય તો આ પાણીના નિકાલ માટેની કોઈ જ વ્યવસ્થા નથી અને પાણી આવવાને કારણે ગામમાં જવાનો મુખ્ય માર્ગ પાણીમાં ગરકાવ થઈ જાય છે. ગામનો મુખ્ય માર્ગ પાણીમાં ગરકાવ થઈ જવાને કારણે ગામલોકોને અવર જવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ સમયે ગામમાં કોઈ મરણ થાય ત્યારે ગામલોકોની ભારે દયનિય સ્થિતિ થઈ જાય છે. ગામના પાણીમાં ડૂબેલા રસ્તા પરથી જળમાર્ગે અંતિમયાત્રા કાઢવાનો વારો ડાઘુઓને આવે છે ત્યારે ગામડાઓમાં પણ વિકાસના પડછાયા પાડવા માટે સ્થાનિકોએ માંગ કરી છે.

# વડગામથી ગોળા સુધીના માર્ગમાં ખાડા પુરીને ગેરરિતી આચરાતી હોવાની બુમરાડ

### સ્ટેટના માર્ગ મકાન વિભાગ દ્વારા રોડને પેવર કરવાની જગ્યાએ ખાડા પુરીને સંતોષ મનાઈ રહ્યો છે





વડગામ, તા. ૨૬

વડગામ તાલુકા મથકથી વાયા સમશેરપુરા,છનિયાણા થઈ ને ગોળા જવાનો માર્ગ જર્જરિત થઇ જતાં લોકો અને વાહન ચાલકો પરેશાન થઈ રહ્યા છે.

રોડ વચ્ચે ઠેક ઠેકાણે પડેલા ખાડાઓ થી વાહનચાલકો પણ તોબા પોકારી ઊઠયા છે.જેને લઈને આ રોડને પેવર બનાવવા માટે આ વિસ્તાર ના લોકોમાં થી પ્રબળ માંગ કરાઇ રહી છે.જયારે સ્ટેટના માર્ગ મકાન વિભાગ દ્વારા આ રોડ ઉપર પડેલા ખાડાઓ પુરવા માટે માત્ર દેખાવ જ કરાય રહ્યો હોવાના ચોંકાવનારા આક્ષેપ આમજનતામાં થઈ રહ્યા છે.ખાડ પુરવાની કામગીરી માં પણ ભારે ભ્રષ્ટ્રાચાર ની બદબુ આવી રહી છે.માત્ર નામની કપચી નાંખીને ખાડા પુરવાની કામગીરી કરાઇ રહી છે સામે તહેવારો આવતાં જ રોડના સત્તાધીશો અને કોન્ટ્રાકટર ની ભાગ બટાઈ માં રોડનું સમારકામ બતાવીને તમામ રોડનું સમારકામ કરાયા ના બિલ મુકીને ટકાવારી મેળવવાના પ્રયાસો કરાઇ રહ્યા હોવાની ચર્ચા ઓ લોકોમાં થઈ રહી છે.રોડ ઉપર નાંખવા માં આવતી કપચીમા પુરતા પ્રમાણમાં ડામર પણ ન હોવાથી કપચી રોડ ઉપર છુટી પડી જઈને રોડ ઉપર વિખેરાતી રહીછે આ સમગ્ર બાબતે માર્ગ મકાન ના ઉચ્ચ અધિકારીઓ દ્વારા ઝીણવટભરી તપાસ હાથ ધરીને ગેરરીતિઓ બહાર લવાય તેવી લોકો દ્વારા માંગ કરાઇ રહી છે.અને ખાડા પુરવાની જગ્યાએ સમગ્ર રોડનું કામ કરાવાય તેવી લોક માંગ છે.

# ડીસા પાલિકા અને તાલુકા હેલ્થ વિભાગનો ફરી સપાટો

### ૧૪૮ એકમોમાં તપાસ કરી ૧૬ હજાર ઉપરાંતનો દંડ વસુલાયો





બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસામાં હાલમાં ડેન્ગ્યુ સહિતની વાયરલજન્ય બીમારીઓએ માથું ઊંચકયું હોઈ ઠેર ઠેર માંદગીના ખાટલા ઢળાયા છે. જેને ગંભીરતાથી લઈ ડીસા આરોગ્ય વીભાગ અને નગરપાલિકા દ્વારા ફરી તપાસ હાથ ધરી દંડનાત્મક કાર્યવાહી હાથ ધરી હતી. ડીસામાં હાલમાં ડેન્ગ્યુ જેવી બીમારીએ માથું ઊંચક્યું હોઈ જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા આરોગ્ય અધિકારી અને મલેરિયા અધિકારીની સૂચનાને પગલે પાણીજન્ય તથા વાયરલજન્ય બીમારીઓએ માથું ઊંચકયું હોઈ તેને અટકાયતી પગલાં લેવા માટે તાલુકા હેલ્થ વિભાગ અને નગરપાલિકા દ્વારા વિવિધ ૧૦ જેટલી ટિમો બનાવી સર્વેક્ષણ માટે બુધવારે બીજો રાઉન્ડ યોજ્યો હતો જેમાં ડીસામાં વિવિધ સ્થળે તપાસ હાથ ધરી દુકાનો, મકાનો તેમજ કોમર્શિયલ યુનિટ સહિત કુલ ૧૪૮ એકમોમાં પહોંચી ૬૯૪ પાણી ભરેલા પાત્રોની તપાસ કરતા ૩૮ પાત્રોમાં પુષ્કળ પ્રમાણમાં મચ્છરની ઉત્પતિ જોવા મળી હતી જેના માટે સરકારના નિયમ અનુસાર આ તમામ યુનિટને નોટિસ આપી રૂ. ૧૬૮૫૦ નો દંડ પણ વસુલ કર્યો હતો. આ કાર્યવાહી આગામી સમયે પણ ચાલુ રહેશે તેમ તાલુકા આરોગ્ય અધિકારી જીજ્ઞેશ હરિયાણીએ જણાવી લોકોને સહયોગ આપવાની અપીલ પણ કરી હતી. તંત્રની આ કડકાઈથી ગંદકી પ્રત્યે દુર્લક્ષય રાખતા કસુરવારોમાં ફફડાટ ફેલાયો છે.

# ધી મોડાસા હોટલ એન્ડ રેસ્ટોરન્ટ એસો.નો સેમિનાર યોજાયો

મોડાસા, તા. ૨૬

મોડાસા ઓધારી મંદિર પરિસર મા ઘી હોટલ રેસ્ટોરન્ટ એસોસિયન આયોજિત સેમિનારમાં ફુડ કમિશનર કચેરી અને નગરપાલિકા મોડાસાના અધિકારી દ્વારા ફૂડ સેફટી અવેરનેસ અંગેનું માર્ગદર્શન અને સમજણ આપવામાં આવી હતી. મોડાસા નગરના મોડાસા હોટલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશન આયોજિત સેમિનારમાં ફુડ સેફટી ડેઝિગ્નેટેડ અધિકારી શ્રી કે આર પટેલ ઈન્સ્પેક્ટર શ્રી પી એસ પટેલ પી કે ચૌધરી તેમજ નગરપાલિકા સેનેટરી સુનિલભાઈ રાજપુરોહિત ઉપસ્થિત રહેલ તેઓએ એસો.ના સભ્યો ને ફૂડ સેફ્ટી એક્ટ અંગેની સાચી સમજણ અને માહિતી આપેલ હતી અને આ અંગે રાખવાની તકેદારીના માર્ગદર્શન પૂરૂ પાડેલ.

આ પ્રસંગે એસોસિએશનના મોટી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા તેઓને એસોસિએશન તરફથી ફીમા હાથમોજા , એપ્રોન તથા માથાની કેપ વિતરણ કરવામાં આવેલ હતા.

### પાલનપુરમાં મારામારી કેસમાં

# ભાજપના નગરસેવક સહીત ચાર વ્યક્તિઓ સામે સામ-સામી ફરીયાદ

પાલનપુર, તા. ૨૬

પાલનપુરમાં બે દિવસ અગાઉ નગરસેવકનો મારામારી કરતો વિડીયો વાયરલ થયો હતો.જે ઘટના ચર્ચાસ્પદ બની હતી.તે કેસમાં બંન્ને પક્ષે સામ-સામે ફરીયાદ નોધાવવામાં આવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

બનાસકાંઠા જિલ્લામાં સામાન્ય બાબતે મારા-મારી જેવી ઘટનાઓ બનતી જોવા મળી રહી છે.જેમાં પાલનપુરમાં બે દિવસ અગાઉ ચકચારી બનેલી ઘટનાની વિગતો એવી છે કે નવરાત્રી નજીક આવી રહી હોવાથી પાલનપુર ભાગ્યોદય સોસાયટી વિસ્તારમાં રહેતા મયુરભાઈ નટવરભાઈ ઠાકરએ વોર્ડ નંબર-૨ના ભાજપના નગરસેવક વિપુલભાઈ રાવલને ફોન કરી રોડનુ સમારકામ કરવા જણાવ્યુ હતુ.જેથી નગરસેવક ઉસ્કેરાઇ ગયા હતા.અને એકટીવા લઈ આવી વિપુલભાઈ રાવલ અને હિમાન્સુભાઈ રાવલએ મયુર ઠાકર સાથે જપાજપી કરી માર માર્યો હતો.તે ઘટનામાં મયુરભાઈની બે તોલા સોનાની ચેન ક્યાક પડી ગઈ હતી.જેથી મયુરભાઈ રાવલે પૂર્વ પોલીસ સ્ટેશનમાં વિપુલ નટવરલાલ રાવલ અને હિમાન્સુ નટવરલાલ રાવલ સામે ફરીયાદ નોંધાવી હતી.તેમજ સામા પક્ષે પાલનપુર લક્ષ્મીનગરમાં રહેતા ભાજપના નગર સેવક વિપુલભાઈ રાવલ સહીતના એક વ્યક્તિને મયુરભાઈ નટવરભાઈ ઠાકર અને હીરેન પ્રજાપતિએ ગડદા પાટુનો મારમારી અપશબ્દો બોલી હોકી લાકડી સાથે આવી જાહેરનામાનો ભંગ કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા વિપુલભાઈ રાવલે મયુર ઠાકર અને હીરેન પ્રજાપતિ સામે પૂર્વ પોલીસ સ્ટેશન ફરીયાદ નોંધાવતા વધુ તપાસ એ.એસ.આઈ ધર્માભાઈ ભનાભાઈ ચલાવી રહ્યા છે.

# પ્રાંતિજમાં ગટર સફાઈ કરવા ઉતરેલ રોજમદારનું શ્વાસ રૂંધાઈ જતાં મોત

### બચાવવા માટે ઉતરેલ યુવકને પણ શ્વાસ રૂંધાઇ જતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો : બુમાબુમ થતાં આજુબાજુમાંથી દોડી આવેલ લોકોએ બન્ને બહાર કાઢ્યા

પ્રાંતિજ,

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ વિસ્તાર ગટર સફાઈ કરવા માટે ગટર માં ઉતરેલ રોજમદાર નુ ગટરમાં રૂંધાઈ જતાં મોત નિપજ્યું હતુ તો ગટરમાં બચાવા માટે પડેલને પણ અન્ય આવેલ લોકો એ બહાર કાઢી સારવાર અર્થે ખસેડવામાં આવ્યો.



પ્રાંતિજ નગરપાલિકા ભાખરીયા બસસ્ટેન્ડ વિસ્તાર માં નગરપાલિકા ની ગટર લાઇન માં નગરપાલિકા દ્વારા આપવામાં આવેલ કોન્ટ્રાક્ટર નો રોજમદાર ગટર સફાઈ માટે ગટરમાં ઉતર્યો હતો જેમાં બાદરજી કાંતિજી મસાર વખતપુરા તાલુકો આંબાપુરા જી.બાસવાડા ઉંમર વર્ષ આશરે-૩૨ ગટર માં ઉતર્યો હતો તે દરમ્યાન બાદરજી ને શ્વાસ લેવામાં તકલીફ પડતાં બુમાબુમ કરતાં લોકો દોડી આવ્યા હતાં અને તેને બચાવવા માટે ત્યાંથી પ્રસાર થતા રજનીભાઈ ગોવિદભાઈ પરમાર પણ ગટર માં ઉતર્યો હતો પણ તેનો પણ શ્વાસ રૂંધાઈ જતાં બુમાબુમ કરતાં તેને બહાર કાઢવામાં આવ્યો હતો અને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો તો એકઠાં થયેલ લોકોએ બાદરજી કાંતિજી મસાર ને પણ ગટર માથી મૃત હાલત માં બહાર કાઢવામાં આવ્યો હતો તો ધટના ની જાણ પ્રાંતિજ પાલિકા પ્રમુખ ગીતાબેન પટેલ ને તથા કેટલાક કોર્પોરેટરો ધટના સ્થળે દોડી આવ્યા હતાં તો આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસ ને થતાં પ્રાંતિજ પોલીસ પણ ધટના સ્થળે દોડી આવી મૃતક ને પ્રાંથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે પીએમઅર્થે ખસેડવામાં આવ્યો હતો અને આગળ ની તપાસ હાથધરી હતી.

# ભિલોડા કોટેઝ હોસ્પિટલ ખાતે રક્તદાન કેમ્પ યોજાયો




ભિલોડા,તા.૨૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે કોટેઝ હોસ્પિટલમાં તા.૨૬/૯/૨૦૧૯ ને ગુરૂવારના રોજ સવારે ૯:૦૦ થી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી રક્તદાન કેમ્પ યોજાયો હતો. જરૂરીયાતમંદ દર્દીઓ માટે રક્ત એકત્રીત કરાયું હતું. સંપર્ક, સહયોગ, સંસ્કાર,સેવા, સમર્પણ સહિત સેવાકીય કાર્યો સાથે સંકળાયેલ ભારત વિકાસ પરીષદ ભિલોડા શાખા, હોદ્દેદારો, કાર્યકરો, કારોબારી સભ્યો અને કોટેઝ હોસ્પિટલ, ભિલોડાના સંયુક્ત ઉપક્રમે રક્તદાન કેમ્પ યોજાયો હતો.

ભારત વિકાસ પરીષદ, સાબરકાંઠા-અરવલ્લી-ગાંધીનગર, વિભાગીય ઝોન સહમંત્રી જગદીશભાઈ પટેલ, ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા પ્રમુખ મુકેશભાઈ પંચાલ, મંત્રી ચંદ્રકાંતભાઈ પટેલ, ઉપ પ્રમુખ રામઅવતાર શર્મા, નરેશભાઈ પંચાલ, મહિપતસિંહ રાઠોડ, ભરતભાઈ પ્રજાપતિ, સુરેશભાઈ પ્રજાપતિ, કોટેઝ હોસ્પિટલના ર્ડા.ડી. ડી. ડામોર, હબીબભાઈ મનસુરી, જયંતીભાઈ શર્મા, કંદર્પભાઈ પટેલ સહિત સ્ટાફ પરીવારએ રક્તદાન કેમ્પના મહાયજ્ઞને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. રક્તદાન - મહાદાન ભગીરથ કાર્યમાં સેવાભાવી લોકોએ રક્તદાન કર્યું હતું. સમાજ સેવા માટે પહેલવાન નહી પરંતુ રક્તદાતા બનવું અત્યંત જરૂરી છે. દર ત્રણ મહિને રક્તદાન કરવું જોઈએ, રકતદાન કરવાથી અશક્તિ આવતી નથી તેમ નિષ્ણાંત ર્ડાક્ટરોએ જણાવ્યું હતું.

# ભિલોડા તાલુકાના મઠટીંબા ગામ પાસે ટ્રક પલ્ટી ખાતા વાંકાનેર ગામના નાગરિકનું મોત

ભિલોડા,તા.૨૬

ભિલોડા-ગાંભોઈ ધોરીમાર્ગ ઉપર આવેલ મઠટીંબા ગામ પાસે ગત રોજ સમી સાંજે પુરપાટ ઝડપે અને ગફલતભરી રીતે ચાલકે ટ્રક હંકારતા એકાએક પલ્ટી ખાતા ટ્રકની અંદર બેઠેલા ઈસમોના શરીર ઉપર નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. વાંકાનેર ગામના ઈસમના શરીર ઉપર ગંભીર ઈજાઓ પહોંચતા કરૂણ મોત નિપજ્યું હતું. ટ્રક પલ્ટી ખાતા ઘટના સ્થળેથી ટ્રક ચાલક પલભરમાં પલાયન થઈ ગયો હતો.

ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. બુન્નાબેના જણાવ્યા મુજબ મઠટીંબા ગામ પાસે ગત રોજ સમી સાંજે ટાટા ટ્રક નંબર. જી. જે. ૦૯. ઝેડ. ૦૯૪૬ ના ચાલકે




પુરપાટ ઝડપે ગફલતભરી રીતે ટ્રક હંકારી પલ્ટી ખવડાવી દેતા ટ્રકની અંદર બેઠેલા ઈસમોના શરીર ઉપર નાની મોટી ઈજાઓ પહોંચી હતી.વાંકાનેર ગામના જયેશભાઈ શીવાભાઈ વણકરના શરીર ઉપર અકસ્માત દરમ્યાન ગંભીર ઈજાઓ પહોંચતાં કરૂણ મોત નિપજ્યું હતું. વાંકાનેર ગામના શૈલેષભાઈ શીવાભાઈ વણકરએ ટ્રક ચાલક વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં અકસ્માતના બનાવ સંદર્ભે ફરીયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ટ્રક ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ડીસામાં વધુ એક બાળકી ડેન્ગ્યુના ભરડામાં : પરિવારજનોમાં દોડધામ

ડીસા

ડીસા શહેરમાં વાઈરલ બીમારીઓની સાથે સાથે ડેન્ગ્યુ જેવી ભયાનક બીમારી એ પણ માથું ઉચકયું છે ડીસામાં ચોમાસા દરમિયાન ફેલાયેલ ઠેર ઠેર ગંદકી અને પાલિકા તંત્રની સફાઈ પ્રત્યે બેદરકારીને લઈ ડીસા શહેર માં ડેન્ગ્યુ જેવી બીમારીએ પણ ભરડો લીધો છે ત્યારે ડીસાના રેલવે સ્ટેશન ધુઆ રોડ ફાર્મ હાઉસ માં રહેતા ચેતનાબેન અમરતલાલ લોધા નામની બાળકીને છેલ્લા બે દિવસથી તાવ આવતો હતો અને આજે એકા એક તેની તબિયત વધુ લથડતા તેના પરિવારજનો વધુ સારવાર અર્થે ડીસા હાઈવે સ્થીત ખાનગી હોસ્પિટલમાં લઈ જઈ રિપોર્ટ કરાવતા તેને ડેન્ગ્યુ હોવાનો રિપોર્ટ આવતા પરિવારજનો ગભરાઈ ગયા હતા અને સારવાર અર્થે તેને દાખલ કરવામાં આવી હતી જેને લઈ લોકોમાં પણ ભયનો માહોલ છવાયો છે.